# <u>કૃષિ ઈજનેરી કોલેજ, ગોધરા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) હેઠળ બીજી ઓક્ટોબર ના રોજ ગાંધી જયંતી નિમિત્તે વિશ્વ અહિંસા દિવસ મનાવાયો</u>

યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશન (UNO) તરફથી વર્ષ 2007 થી દર તા. 2 ઓક્ટોબર (ગાંધી જયંતી) ના દિવસે **"International Day of Nonviolence"** જાહેર કરવામાં આવેલ છે. આ પ્રસંગે પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આવેલ **આણંદ કૃષિ યુનિવર્સિટી** સંચાલિત **કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ ની રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.)** શાખાના ઉપક્રમે ઓક્ટોબર-2 (**ગાંધી જયંતી**) ના રોજ **ઈંટરનેશનલ ડે ઓફ નોન-વાયોલન્સ** (આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ) ની ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી.

સવારે 10.00 કલાકે બોયઝ હોસ્ટેલ થી એન.એસ.એસ. સાથે સંકળાયેલા સ્વયંસેવકો તેમજ યુ.જી. તથા પી.જી. વિદ્યાશાખામાં અભ્યાસ કરતાં અન્ય તમામ વિદ્યાર્થીઓએ ભેગા મળીને શાંતિ કૂચ (પીસ માર્ચ – **Peace March**) માટે પ્રસ્થાન કર્યું. વિદ્યાર્થીઓ શાંતિ કૂચમાં શિસ્તબધ્ધ અને શાંતિપૂર્વક ઢબે જોડાયા. પ્રાધ્યાપક ગણ દ્વારા શાંતિ કૂચ નુ કોલેજના પ્રાંગણમાં સ્વાગત કરવામાં આવ્યું.

કાર્યક્રમના બીજા ચરણમાં કોલેજના કોંફરન્સ હોલમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફગણ દ્વારા ભેગા મળીને વિશ્વમાં શાંતિ અને અહિંસા પ્રવર્તે તે માટે વ્યક્તિગત અને સામુહિક પ્રયાસો કરવા પ્રતિજ્ઞા લેવામાં આવી. પ્રતિજ્ઞા (**Pledge for Nonviolence and Peace**) વાંચન બાદ ઉપસ્થિત શ્રોતાગણ સમક્ષ એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફીસર તેમજ કોલેજના દરેક વિભાગીય વડાશ્રીઓએ પ્રસંગને અનુરૂપ ઉદબોધન કર્યું.

કાર્યક્રમના છેલ્લા ચરણમાં કોલેજના ગેટ આગળ ઉભા રહીને શાંતિ, અહિંસા, સ્વચ્છતા જેવા સમાજ અને રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસ માટે આવશ્યક આચાર-વિચારોને પ્રદર્શિત કરવાના હેતુસર વિદ્યાર્થીઓ દ્વારા બેનર અને પ્લે કાર્ડ દર્શાવીને સામુહિક શાંતિ પ્રદર્શન (પીસ ડેમોંસ્ટ્રેશન - **Peace Demonstration**) નુ નિદર્શન કરવામાં આવ્યું.

## :: શાંતિ કૂચ – Peace March ::














શાંતિ કૂચ **(Peace March)**

(સ્થળ: બોયઝ હોસ્ટેલથી કોલેજના પ્રાંગણમાં અને ત્યાર બાદ કોલેજના મુખ્ય ગેટ સુધી)

## :: શાંતિ અને અહિંસા માટે પ્રતિજ્ઞા-વાંચન સમારોહ ::

## :: Pledge for Nonviolence and Peace ::












શાંતિ અને અહિંસાની પ્રતિજ્ઞા **(Pledge for Nonviolence and Peace)** નો સમારોહ

(સ્થળ: <u>કોન્ફરન્સ હોલ, ફૃ.ઈ.ટે.કો., આ.કૃ.યુ., ગોધરા</u>)

## :: શાંતિ પ્રદર્શન – Peace Demonstration ::











કૃષિ ઈજનેરી કોલેજ, ગોધરા ખાતે વિદ્યાર્થીઓ દ્વારા સામુહિક શાંતિ પ્રદર્શન (**Peace Demonstration**)

(સ્થળઃ કોલેજના પ્રવેશદ્વાર અને મુખ્ય ગેટ (ગોધરા-દાહોદ હાઈ-વે), ગોધરા)

(અહેવાલ સંકલન: એમ.ડી. વોરા, મદદનીશ પ્રાધ્યાપક, કૃ.ઈ.ટે.કો., આ.કૃ.યુ., ગોધરા)